# ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડ

## બ્લોક નં.ર, પાંચમો માળ, કર્મયોગી ભવન, સેકટર-૧૦/એ,ગાંધીનગર

હેલ્પલાઇન નંબરઃ- ૦૭૯-૨૩૨૫૮૫૬૩ (કામકાજના દિવસો અને કચેરી સમય દરમ્યાન)

### પ્રોવીઝનલ મેરીટયાદીમાં સમાવિષ્ટ ઉમેદવારોના પ્રમાણપત્ર ચકાસણી અંગેની અગત્યની જાહેરાત

ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડ, ગાંધીનગર ધ્વારા નીચે દર્શાવ્યા મુજબના સંવર્ગોની સ્પર્ધાત્મક પરીક્ષા નવેમ્બર ૨૦૧૮ માસમાં લેવાયેલ હતી.આ સ્પર્ધાત્મક પરીક્ષાના પ્રોવીઝનલ રીઝલ્ટ અને પ્રોવીઝનલ મેરીટ લીસ્ટ બોર્ડ દ્વારા પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. જેની નકલ સરકારશ્રીના પંચાયત વિભાગની વેબસાઇટ https://panchayat.gujarat.gov.in ઉપર મુકવામાં આવેલ છે. આ પ્રોવીઝનલ મેરીટલીસ્ટમાં સમાવિષ્ટ ઉમેદવારોને નીચે મુજબની વિગતે અસલ પ્રમાણપત્ર ચકાસણી માટે બોર્ડની કચેરીએ અચૂક હાજર રહેવા જણાવવામાં આવે છે. જે અંગેના એસ.એમ.એસ ઉમેદવારોને તેમના રજીસ્ટર્ડ મોબાઇલ નંબર ઉપર મોકલવામાં આવેલ છે.આથી પ્રોવીઝનલ મેરીટ લીસ્ટમાં સમાવિષ્ટ દરેક ઉમેદવારોને નીચે દર્શાવ્યા મુજબની તારીખ/સમયે નીચે દર્શાવેલ પ્રમાણપત્રો સહિત (લાગુ પડતા હોય તે) (અસલ પ્રમાણપત્રો સહિત) ચકાસણી માટે બોર્ડની કચેરીએ જાતે અચુક હાજર રહેવા જણાવવામાં આવે છે.જો પ્રમાણપત્ર ચકાસણીની નિયત તારીખે-સમયે કોઇ ઉમેદવાર ગેરહાજર રહેશે તો સબંધિત ઉમેદવારે તેની ઉમેદવારી કાયમીપણે પાછી ખેંચી લીધી હોવાનું ગણાશે અને ત્યારપછી તે બાબતમાં કોઇપણ દાવો અથવા વિવાદ ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં,તેની સર્વે ઉમેદવારોએ ખાસ નોંધ લેવી. વધુ માહિતી માટે પંચાયત વિભાગની વેબસાઇટ https://panchayat.gujarat.gov.in જોવી.

પ્રમાણપત્ર ચકાસણી કાર્યક્રમ

| જાહેરાત ક્રમાંક | સંવર્ગનું નામ | તારીખ | સમય | પ્રોવીઝનલ મેરીટ લીસ્ટના ઉમેદવારોના ક્રમ નંબર |
|---|---|---|---|---|
| ૩/૨૦૧૮-૧૯ | સ્ટાફ નર્સ | ૧૭/૧/૨૦૧૯ ગુરુવાર | સવારે ૧૦-૦૦ કલાકે | ૧ થી ૧૦૦ |
| | | | બપોરે ૧૪-૦૦ કલાકે | ૧૦૧ થી ૨૦૦ |
| | | ૧૮/૧/૨૦૧૯ શુક્રવાર | સવારે ૧૦-૦૦ કલાકે | ૨૦૧ થી ૩૦૦ |
| | | | બપોરે ૧૪-૦૦ કલાકે | ૩૦૧ થી ૪૦૦ |
| | | ૧૯/૧/૨૦૧૯ શનિવાર | સવારે ૧૦-૦૦ કલાકે | ૪૦૧ થી ૫૦૦ |
| | | | બપોરે ૧૪-૦૦ કલાકે | ૫૦૧ થી ૫૨૧ |
| ૧/૨૦૧૮-૧૯ | મુખ્યસેવિકા | ૨૧/૧/૨૦૧૯ સોમવાર | સવારે ૧૦-૦૦ કલાકે | ૧ થી ૧૦૦ |
| | | | બપોરે ૧૪-૦૦ કલાકે | ૧૦૧ થી ૨૦૦ |
| | | ૨૨/૧/૨૦૧૯ મંગળવાર | સવારે ૧૦-૦૦ કલાકે | ૨૦૧ થી ૩૦૦ |
| | | | બપોરે ૧૪-૦૦ કલાકે | ૩૦૧ થી ૪૦૦ |
| | | ૨૩/૧/૨૦૧૯ બુધવાર | સવારે ૧૦-૦૦ કલાકે | ૪૦૧ થી ૫૦૦ |
| | | | બપોરે ૧૪-૦૦ કલાકે | ૫૦૧ થી ૬૦૦ |
| | | ૨૪/૧/૨૦૧૯ ગુરુવાર | સવારે ૧૦-૦૦ કલાકે | ૬૦૧ થી ૭૦૦ |
| | | | બપોરે ૧૪-૦૦ કલાકે | ૭૦૧ થી ૮૩૩ |
| ૬/૨૦૧૮-૧૯ | નાયબ ચીટનીશ | ૨૮/૧/૨૦૧૯ સોમવાર | સવારે ૧૦-૦૦ કલાકે | ૧ થી ૧૦૦ |
| | | | બપોરે ૧૪-૦૦ કલાકે | ૧૦૧ થી ૧૮૪ |
| ૯/૨૦૧૮-૧૯ | સંશોધન મદદનીશ | ૨૮/૧/૨૦૧૯ સોમવાર | બપોરે ૧૬-૦૦ કલાકે | ૧ થી ૩૦ |
| ૭/૨૦૧૮-૧૯ | કમ્પાઉન્ડર | ૨૯/૧/૨૦૧૯ મંગળવાર | સવારે ૧૦-૦૦ કલાકે | ૧ થી ૧૦૦ |
| | | | બપોરે ૧૪-૦૦ કલાકે | ૧૦૧ થી ૧૭૫ |
| | | ૩૦/૧/૨૦૧૯ બુધવાર | સવારે ૧૦-૦૦ કલાકે | ૧૭૬ થી ૨૭૫ |
| | | | બપોરે ૧૪-૦૦ કલાકે | ૨૭૬ થી ૩૪૦ |

## ઉમેદવારે રુબરુમાં રજુ કરવાના પ્રમાણપત્રો (અસલ + ૨ સ્વપ્રમાણિત નકલો)

(૧) ઉમેદવારની ઓનલાઇન અરજીની પ્રિન્ટ(બે નકલ)

(૨)**ATTESTATION FORM**(નમુનો-૧)(બે નકલમાં ભરીને સાથે લાવવું.)(નમુનો પંચાયત વિભાગની વેબસાઇટ ઉપર મુકેલ છે.)

(૩)ઉમેદવારની શૈક્ષણિક લાયકાતની સંપૂર્ણ વિગત દર્શાવતું પત્રક (નમુનો-૨)(નમુનો પંચાયત વિભાગની વેબસાઇટ ઉપર મુકેલ છે.) (બે નકલમાં ભરીને સાથે લાવવું.)

(૪) ધોરણ-૧૦ ની માર્કશીટ અને ટ્રાયલ સર્ટીફીકેટ

(૫) ધોરણ-૧૨ ની માર્કશીટ અને ટ્રાયલ સર્ટીફીકેટ

(૬) શૈક્ષણિક લાયકાત અંગેની માર્કશીટ (વર્ષવાઇઝ /સેમેસ્ટર વાઇઝ તમામ નકલો સામેલ રાખવી)

(૭) ડીપ્લોમાં /ડીગ્રી સર્ટીફીકેટ(જાહેરાતમાં દર્શાવ્યા મુજબના)

(૮) શાળા છોડયાનું પ્રમાણપત્ર

(૯) કોમ્પ્યુટરના નોલેજ અંગેનું નિયત પ્રમાણપત્ર

(૧૦) જાતિ અંગેનું સક્ષમ સત્તાધિકારીશ્રી ધ્વારા ઇસ્યુ કરેલ પ્રમાણપત્ર(લાગુ પડતુ હોય તો)

(૧૧) સામાજીક શૈક્ષણિક પછાત વર્ગના ઉમેદવારોના કિસ્સામાં જાહેરાતમાં દર્શાવ્યા મુજબનું નોન-ક્રિમીલેયર પ્રમાણપત્ર

(૧૨) શારીરીક અશકતતા ધરાવતા ઉમેદવારોના કિસ્સામાં સિવિલ સર્જનનું નિયત પ્રમાણપત્ર

(૧૩) માજી સૈનિક કેટેગરી ધરાવતા ઉમેદવારોના કિસ્સામાં માજી સૈનિક હોવા અંગેના આધાર પુરાવા તથા ડીસ્ચાર્જ બુક

(૧૪) વિધવા ઉમેદવારોના કિસ્સામાં વિધવા હોવા અંગેના પ્રમાણપત્રો તથા પુનઃ લગ્ન કરેલ નથી તે અંગેનું સબંધિત મામલતદારશ્રીનું પ્રમાણપત્ર

(૧૫) આંતરરાષ્ટ્રીય/રાષ્ટ્રીય/આંતર યુનિર્વસિટી ટુર્નામેન્ટ/શાળાઓ માટેની રાષ્ટ્રીય ખેલકુદ/રમતોના ખેલાડીઓના કિસ્સામાં જાહેરાતમાં દર્શાવ્યા મુજબના નિયત નમુનાના જરૂરી પ્રમાણપત્ર

(૧૬) રાજયસરકાર/કેન્દ્ર સરકાર/સ્થાનિક સત્તામંડળ /સરકારની માલીકીના બોર્ડ-નિગમ-કોર્પોરેટરની નોકરીમાં ચાલુ હોય તેવા ઉમેદવારના કિસ્સામાં સક્ષમ સત્તાધિકારીનું "ના-વાંધા પ્રમાણપત્ર" (નમુનો પંચાયત વિભાગની વેબસાઇટ ઉપર મુકેલ છે.)

(૧૭) તાજેતરના પાસપોર્ટ સાઇઝના ૦૪ ફોટો

### અન્ય સુચનાઃ-

(૧) ઉમેદવારે જાતે જ આવવાનું રહેશે.પ્રમાણપત્ર ચકાસણી માટે તારીખ/સમય આપવામાં આવેલ છે, તે જ તારીખ/સમયે ઉમેદવારે આવવાનુ રહેશે.

(૨) જો કોઇ ઉમેદવાર પ્રમાણપત્ર ચકાસણીમાં ઉપસ્થિત રહેવા ન માંગતા હોય અને સદર જગ્યા માટે નિમણુંક મેળવવા ઇચ્છતા ન હોય તો આવા ઉમેદવારે તેના રજીસ્ટર્ડ ઇમેઇલ આઇડી (જે ઓજસ ઉપર ઓનલાઇન જાહેરાત ભરતી વખતે લખેલ હતું તે) ઉપરથી બોર્ડ કચેરીને sec-gspsb-ahd@gujarat.gov.in ઇમેઇલ ઉપર તે મતલબની લેખિત જાણ કરવાની રહેશે.

(૩) ઉમેદવારે પોતાના તમામ અસલ પ્રમાણપત્રો ફરજીયાત પણે સાથે લાવવાના રહેશે, તથા દરેક પ્રમાણપત્રની બે નકલો સ્વપ્રમાણિત કરીને લાવવાની રહેશે.

(૪) ઉમેદવારે ઉપર જણાવેલ પ્રમાણપત્રો (અસલ + સ્વપ્રમાણીત નકલો) બે સેટમાં સાથે લાવવાના રહેશે.

(૫) ઉમેદવારે પોતાના પ્રમાણપત્રોની નકલ આ સાથે રાખેલ અનુક્રમણિકા મુજબ ક્રમાનુસાર રાખવાના રહેશે. આવી અનુક્રમણિકાના બે સેટ તૈયાર કરવાના રહેશે.

(૬) ઉમેદવારે ઉપરોકત ફોર્મ્સમાંની વિગતો ભરીને બે નકલમાં લઇને આવવાનું રહેશે, અને પ્રમાણપત્રો અસલ તથા બે સ્વપ્રમાણિત નકલ સાથે લઇને આવવાનું રહેશે.